આજે મહાબળેશ્વરમાં એક સવાર પડી હતી.

રોજના નિયમ પ્રમાણે શર્મા સવારે ફરવા નીકળ્યો હતો. આજે મોડું થઈ ગયું હતું. આંખ મોડી ઊઘડી. ઘડિયાળમાં જોયું તો છ વાગી ગયા હતા. પહેલો વિચાર ફરવા ન જવાનો આવ્યો, પછી થયું, ચાલવા નહીં જાય તો આખો દિવસ સુસ્તી લાગશે. બહાર નીકળ્યો. રોજના સમયે નીકળ્યો હોત તો અત્યાર સુધીમાં ઢોળાવ ઊતરી રોજની જગ્યાએ પહોંચી ગયો હોત. ખીણો ખૂલી ગઈ હોત અને એ પાળી પર બેઠો હોત.

શર્મા સડક પર લાકડી પછાડતો ચાલતો હતો. સવાર ઊઘડી ગઈ હતી છતાં આછું અંધારું હતું. આ સમયે તો સૂરજ ઊગી ગયો હોય. મહાબળેશ્વરનો તડકો વૃક્ષોમાંથી ચળાઈને ફેલાતો હોય. આજની સવાર અલગ લાગે છે. શર્માએ આકાશ તરફ જોયું. ગાઢ ધુમ્મસ હતું. આજે તડકો જલદી નહીં નીકળે.

દિવાળીની શરૂઆત થઈ ગઈ છે. કદાચ તો આજથી જ તહેવાર શરૂ થાય છે. હવે લોકો અગાઉની જેમ ઘરમાં જ રહીને તહેવારની ઉજવણી કરતા નથી. દિવાળીની રજાઓમાં પ્રવાસમાં નીકળી પડે છે. એથી જ મહાબળેશ્વરમાં દિવાળીમાં પ્રવાસીઓની સંખ્યા વધવા લાગી છે.

શર્માએ વિચાર્યું, મોડું થઈ ગયું છે એથી દૂર નહીં જાય, વચ્ચેથી પાછો વળી જશે. કાલે મોડી રાત સુધી કામ ચાલ્યું. એ એના બંગલાના ઉપરના ત્રણ રૂમ પ્રવાસીઓને ભાડે આપે છે. ચાલીનો ઉપયોગ રિસેપ્શન તરીકે કરે છે. નીચેના એક રૂમમાં એ પોતે રહે છે. શર્મા એના ઘરમાં પ્રવાસીઓને માત્ર રહેવાની જ સગવડ આપે છે, જમવાનું નથી આપતો. આવતી સિઝનથી જમવાનું પણ ચાલુ કરવાનું વિચારે છે.

એ લશ્કરમાં હતો ત્યારે એની પત્ની અહીં રહેતી હતી. શર્મા લશ્કરમાંથી નિવૃત્ત થયો પછી એણે મહાબળેશ્વરમાં જ રહેવાનું નક્કી કર્યું હતું. બાંગ્લાદેશની લડાઈ વખતે એ બૉર્ડર પર હતો. નિવૃત્ત થયા પછી થોડા જ સમયે પત્નીનું

અવસાન થયું. નિઃસંતાન હતો. એણે બંગલો ગેસ્ટહાઉસમાં ફેરવી નાખ્યો અને નિવૃત્ત લશ્કરી અમલદારની જિંદગી જીવતો હતો.

સામેથી પ્રવાસીથી ભરેલી બસ આવી. નજીકથી પસાર થઈ. સવારના આ સમયે મહાબળેશ્વર આવતી અને પૅસેન્જરોને ઉતારી પાછી જતી બસનો ટ્રાફિક વધારે રહે છે. ડ્રાઇવરો બેધ્યાનપણે બેફામ ગતિએ બસ ચલાવે છે. હૉર્ન પણ મારે નહીં. ઉપર આવતા વાહનચાલકોએ વળાંકમાં ખૂબ સાવધાન રહેવું પડે. શર્માને સમજાતું નહીં કે આ બધાને આટલી ઝડપથી ક્યાં પહોંચવું છે?

અચાનક ઊભો રહ્યો. હવામાં કંઈક જુદું અનુભવાતું હતું. ઘણાં વરસોથી મહાબળેશ્વરમાં રહે છે. અહીંના હવામાનથી પરિચિત છે. કશુંક પણ બદલાય તો તરત ધ્યાન ખેંચાય. આજે હવામાં ભીની ગંધ હતી, આકાશ ધુમ્મસથી લદાયેલું હતું. સામાન્ય રીતે દિવાળીના દિવસોમાં આટલું ધુમ્મસ હોતું નથી. આજે વધારે છે.

ચાલવા લાગ્યો.

સામેથી કોઈ અજાણ્યો માણસ દોડતો આવતો હતો. પ્રવાસી હશે. મહાબળેશ્વરની સવારે તબિયત બનાવી રહ્યો હશે.

શહેરની દોડધામ અને સતત પ્રવૃત્તિ પછી અહીં આરામ કરવા આવતા પ્રવાસીઓ શર્માને ગમે છે. એ બધા શહેરમાં ન કરી શકે તે બધું કરવા અહીં આવે છે. નિરાંતે હરેફરે. સાઇટ-સીઇંગ કરે, બોટિંગ કરે, ખાયપીએ અને પડ્યા રહે. કશાયની ઉતાવળ ન હોય. ધીરેધીરે ફરતા રહે. સ્ત્રીઓ વાળ ખુલ્લા રાખી તડકામાં ઊભી હોય.

પાછા વળવાનો વિચાર આવ્યો. થોડી વારમાં એના ગેસ્ટહાઉસમાં પ્રવાસીઓનો ચેકઆઉટ – ચેકઇનનો સમય થશે. બે માણસો રાખ્યા છે. વિશ્વાસુ છે. બધાં કામ સંભાળી લે છે છતાં એની હાજરી હોય તો ફરક પડે. એમાં પણ આજે સવારે કોઈ પણ સમયે એ લોકો આવી પહોંચશે.

એ લોકો – દીપ દેસાઈ અને એની પત્ની બીનાભાભી.

ગઈ કાલે બપોર પછી મુંબઈથી દીપનો ટ્રંક-કૉલ આવ્યો હતો.

'શર્મા?'

'યસ, તમે કોણ?'

'દેસાઈ... દીપ... મુંબઈથી...'

'બોલો, બોલો, દેસાઈસાહેબ!' શર્માના અવાજમાં ઉત્સાહ આવી ગયો.

'મોસમ કેવી છે મહાબળેશ્વરમાં?'

'મહાબળેશ્વરમાં તો, ભાઈ, મુંબઈ જેવી મોસમ ક્યાંથી હોય!'

બંને ખડખડાટ હસ્યા હતા.

'શું વિચાર છે આ વખતે? આવવાના નથી?' શર્માએ પૂછ્યું.

'બનુ ના પાડતી હતી. હમણાં સુધી ના પાડતી હતી. કહેતી હતી કે આ વખતે મુંબઈમાં જ દિવાળી કરીએ. નિખિલ અને રિક્કીને પણ ઇચ્છા નહોતી, પણ મને બહુ ત્રાસ થાય છે. માંડમાંડ બે-ત્રણ દિવસની રજા મળે. આરામથી તમારા ઘરમાં પડ્યા રહીએ, શર્મા. બહુ સમજાવી પછી બનુ છેવટે માની છે. મેં એને કહ્યું કે આપણે નહીં જઈએ તો બિચારા શર્મા બિચારા એકલા થઈ જશે, એટલે તરત તૈયાર થઈ ગઈ!'

શર્મા હસી પડ્યો હતો.

'મને બનાવો છો, દેસાઈસાહેબ?'

'અરે હોય! તમે જ પૂછી લેજો બનુને. અમે બે જણ જ આવશું. નિખિલ અને રિક્કીનો અહીં રહેવાનો મૂડ છે. છોકરાં મોટાં થઈ ગયાં, શર્મા, હવે મારું માનતાં નથી. મને કહે છે, તમે બુઢ્ઢા થયા, પપ્પાજી!'

'ક્યારે નીકળશો?'

'મારી કારમાં જ આવીશ. આવતી કાલે વહેલી સવારે ત્યાં પહોંચી જઈશું.'

'ડ્રાઇવર સાથે રાખજો.'

'કેમ?'

'રાતે તમે બે એકલાં મુસાફરી કરો તે કરતાં – '

'મારે માટે એ ક્યાં નવું છે, શર્મા! ચિંતા ન કરો. સંભાળીને ડ્રાઇવ કરીશ. તો ચાલો, ફોન મૂકું? કાલે સવારે મળીએ છીએ. એક રૂમ ખાલી રાખજો... આઇ ઍમ ઑન હનિમૂન!"

એના હાસ્ય સાથે ફોન કપાઈ ગયો હતો. દિલચસ્પ આદમી છે, શર્માએ વિચાર્યું હતું. દીપ દેસાઈ અને એમનું કુટુંબ લગભગ દર દિવાળીએ અહીં આવે. ફિઆટમાં આવશે. શર્માને એમની કારના નંબર પણ યાદ રહી ગયા છે. આમ પણ એના બંગલામાં ઊતરતા પ્રવાસીઓ સાથે મિત્રતા જેવું થઈ જાય છે.

એમાં પણ આ માણસ તો સાવ જુદો. આખું કુટુંબ એવું – એ, બીનાભાભી, નિખિલ અને રિક્કી. મહાબળેશ્વરમાં શર્માના ગેસ્ટહાઉસમાં જ રહે. શર્માના રૂમમાં પણ બેસે. શર્મા એમના રૂમમાં વાતો કરવા જાય. દીપ શર્માના કાઉન્ટર પર બેઠક જમાવે. પ્રવાસીઓનો હિસાબ કરે. બીનાભાભી બંગલાના નાનકડા બગીચામાં રસ લે. ક્યારા સાફ કરાવે, મેંદી કપાવે, લૉન સરખી કરાવે, ફૂલછોડ રોપાવે. ક્યારેક શર્માને પણ એમની સાથે જમવા લઈ જાય. નિખિલ શર્માઅંકલ પાસે બેસી લશ્કરની અને બાંગ્લાદેશની લડાઈની વાતો સાંભળે.

ગઈ દિવાળીમાં શર્માએ એમની પાસેથી પૈસા લેવાની ના પાડી હતી.

'તમે મારા ઘરમાં રહો છો, મારા ગેસ્ટહાઉસમાં નહીં.'

દીપે કહ્યું હતું : 'તમને પેટ છે કે નહીં, શર્મા? જીવવા માટે માત્ર દિલ ન ચાલે. પૈસા હશે તો પેટ ભરાશે.'

ગઈ કાલે એમનો ટ્રંક-કૉલ આવ્યો ત્યારથી શર્મા જાણે એના અંગત મિત્રની રાહ જોવા લાગ્યો છે. અહીં આવશે છતાં દીપ રજામાં નહીં હોય. એનું કામ જ એવું છે. બીનાભાભી કહે છે તેમ કામથી પણ વિશેષ એમનો સ્વભાવ જ એવો છે. કોઈ પણ સ્થળે આરામથી રહેવું એમના નસીબમાં જ નથી! ભાભીની વાત સાચી હતી. અહીં આવશે ત્યારે પણ એનું કામ ચાલશે. ટ્રંક-કૉલ આવશે. એ પણ સામેથી કરશે. સૂચનાઓ આપશે. જુદીજુદી ગ્લાસ ફૅક્ટરીમાં વાતો કરશે. કોઈ મેનન પણ હતો. એમનો પાર્ટનર. એની સાથે વાત કરે ત્યારે એકબીજાની સલાહ લેતા હોય એવું લાગે.

'બિઝનેસ, શર્મા, બિઝનેસ... પૈસા હોય તો પેટ ભરાય!' દીપ કહેતો.

આ વખતે નિખિલ અને રિક્કી નહીં આવે અને દીપ એના કામમાં જ વ્યસ્ત રહેશે તો ભાભી કંટાળશે.

ના, આ વખતે એવું નહીં થવા દઉં. દીપે જ કહ્યું છે – આઇ ઍમ ઑન હનિમૂન. શર્માને એ ગમ્યું હતું. અડતાળીસ-ઓગણપચાસ વર્ષની વયે હનિમૂન! દેસાઈસાહેબ, આઇ વિલ સી ધૅટ યૂ આર રિઅલી ઑન હનિમૂન! એ બબડ્યો. પછી વિચાર્યું, પ્રવાસીઓ સાથે આટલો બધો લગાવ સારો નહીં. પરંતુ શું થાય? એ લોકો જુદા જ પ્રકારના માણસો છે. આ વખતે તો પૈસા નહીં જ લઉં. કહીશ એમને, સંબંધનું પણ મૂલ્ય હોય છે.

એક બસ ધડધડ કરતી પાછળથી આવી. શર્મા ચમકી ગયો. સાંકડી સડક પર પણ આ લોકો બસની ઝડપ ધીમી નહીં રાખે?

શર્મા ઢાળ ઊતરતો હતો. જંગલની હવા શરૂ થઈ ગઈ હતી. ખીણનું ધુમ્મસ સડક પર ફેલાયું હતું. આવતાં-જતાં વાહનોની હેડલાઇટ ચાલુ હતી.

શર્માને બેચેની જેવું લાગે છે. રાત્રે મોડો સૂતો એ કારણે હશે. આમ પણ અહીંનું વાતાવરણ સુસ્ત હોય છે. શહેરોમાં દિવાળીની દોડધામ ચાલતી હશે. બીનાભાભીને દિવાળીમાં મુંબઈમાં રહેવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે પણ દેસાઈસાહેબની સામે કોઈનું ક્યાં ચાલે જ છે!

એ હસવા લાગ્યો.

ત્યાં જ અચાનક, એક ક્ષણમાં, કશુંક ભયાનક બન્યું.

પાછળથી આવતી ખાલી બસ ઝડપથી પસાર થઈ. સામે વળાંક હતો. ખીણમાં ધુમ્મસ ઊભરાતું હતું. બસ વધારે ઝડપથી વળાંક વળતી હતી એ શર્માએ નોંધ્યું હતું. એ જ વખતે સામેથી આવતી એક કાર પણ શર્માએ જોઈ.

ભયંકર અવાજ થયો. બસ અને કાર અથડાયાં હતાં. ચીસો સંભળાઈ હતી. બસના ધક્કાથી કાર થોડી બાજુમાં ઘસડાઈ અને ભેખડ સાથે ભટકાઈને ઊભી રહી ગઈ. શર્માની આંખો ભયથી બંધ થઈ ગઈ. ઉઘાડી ત્યારે દબાઈ ગયેલી કારના નંબર દેખાયા.

પહેલાં તો કંઈ સમજાયું નહીં. અકસ્માત થતો જોઈ શર્માનું મગજ બહેર મારી ગયું હતું. અચાનક ઝબકાર થયો. એમની નજર કારની નંબર પ્લેટ પર સ્થિર થઈ ગઈ. એનું લોહી થીજી ગયું. એ દોડ્યો. દબાયેલી કારમાં જોયું. દીપ સ્ટિયરિંગ પર ઢળી પડ્યો હતો. માથું ફાટી ગયું હતું અને લોહીની ધાર વહેતી હતી. બાજુમાં બેઠેલી બનુ – બીના... બીનાભાભી...

'દીપભાઈ... દીપભાઈ... ભાભી... ભાભી...!' એ બૂમો પાડવા લાગ્યો.

જવાબ ન મળ્યો. ભાભીની ગરદન લબડી ગઈ હતી. શરીર ઢળી ગયું હતું. કારમા આઘાતની વચ્ચે શર્માએ જોયું તો ડ્રાઇવર બસમાંથી ઊતરી ખીણ તરફ દોડી રહ્યો હતો. શર્મા બસના કન્ડક્ટર જેવા બીજા માણસને કંઈ કહેવા જાય તે પહેલાં એ પણ ઊતરીને દોડવા લાગ્યો. શર્માને એમની પરવા નહોતી, પોલીસ એમને શોધી કાઢશે. અત્યારે દીપ દેસાઈ અને બીનાભાભીની ચિંતા કરવાની છે.

આ શું થઈ ગયું? શર્મા આઘાતથી મૂઢ થઈ ગયો છે. એણે સમય બગાડ્યા વિના કશુંક કરવાનું છે અને શું કરવાનું છે તે યાદ આવતું નથી. ધીરેધીરે

પાછળ ખસ્યો. હાથમાં પકડેલી લાકડી નીચે ફેંકી ચઢાણ પર દોડવા લાગ્યો. બે વળાંક પછી પેટ્રોલપંપ હતો. ત્યાં કદાચ ફોન હશે. હૉસ્પિટલમાં જાણ કરવાની છે. ઍમ્બ્યુલન્સ તૈયાર હશે? કદાચ ઍમ્બ્યુલન્સનો ડ્રાઇવર ન હોય... ના... એવા કોઈ વિચાર કરવાનો સમય નથી. ક્ષણેક્ષણની કિંમત છે. કશું પણ બની શકે. કદાચ એ બંને હવે હતાં જ નહીં. કદાચ ગંભીર ઈજાઓ થઈ હોય અને સમયસર સારવાર મળે તો બચી જાય.

પેટ્રોલપંપ દેખાયો. કોઈને પૂછ્યા વિના શર્મા અંદર ઘૂસી ગયો. ટેબલ પર ફોન પડ્યો હતો. રિસીવર ઉપાડ્યું.

પાછળથી ચોકીદાર આવ્યો.

'અરે, કિસકો પૂછ કર –'

શર્માએ ઝાપટ મારીને એને બોલતો બંધ કર્યો. હૉસ્પિટલનો નંબર જોડ્યો.

'હલ્લો...' સામેથી સંભળાયું.

શર્માનો શ્વાસ ઝડપથી ચાલતો હતો. શબ્દો મળતા નહોતા.

'હલ્લો... હલ્લો...'

'ઍક્સિડન્ટ... પ્લીઝ સેન્ડ ધ ઍમ્બ્યુલન્સ ઇમિડિએટલી... સીમ્સ ટુ બી...'

સામેની વ્યક્તિ અંગ્રેજી સમજતી નહોતી.

'અરે ભાઈ, હિન્દી મેં બોલો.'

પેટ્રોલપંપના ઘડિયાળમાં ફરતો સેકંડ કાંટો બધું જ નષ્ટ કરી દેવા માગતો હોય તેમ આગળ ધસતો હતો. શર્માએ સુકાઈ ગયેલા હોઠ પર જીભ ફેરવી. હિન્દીમાં બધું સમજાવ્યું. પછી ખુરસી પર ફસડાઈ પડ્યો. માથું ફાટતું હતું. હવે શું થશે? એણે શું કરવું જોઈએ?

પેટ્રોલપંપના ચોકીદારે પણ અકસ્માતની દિશામાં જોયું. ધુમ્મસમાં કશું દેખાતું નહોતું. વચ્ચે બે વળાંક હતા.

નિખિલને પણ ફોન કરવો પડશે.

શર્મા ઊભો થયો. અકસ્માતના સ્થળ તરફ જવા લાગ્યો. દોડવાની શક્તિ ન હતી. માત્ર એક-બે મિનિટનો જ ફરક પડ્યો હોત તો? દીપની ફિઆટ બે મિનિટ મોડી આવી હોત તો કશું જ ન બનત. બસ પસાર થઈ ગઈ હોત અને ખૂલી ગયેલા રસ્તા પર એ લોકોએ શર્માને જોયો હોત.